Re-Accredited Grade 'B' by NAAC (CGPA 2.81)
શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત
# ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા
મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ
એમ.જી.રોડ, ખીજડી પ્લોટ, પોરબંદર - ૩૬૦ ૫૭૫. ફોન : (૦૨૮૬) ૨૨૪૭૭૦૯, ફેક્સ : ૨૨૪૬૮૬૬
Website : www.drvrginstitute.org, E-mail : drvrgodhaniaihl@rediffmail.com

## નૂતન વર્ષાભિનંદન

આદરણીય વાલીશ્રીઓ તેમજ વહાલી સુપુત્રીઓ,

વિ.સં. ૨૦૭૦ ના નૂતન વર્ષના સુપ્રભાતે આપ સૌને ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ શુભકામનાઓ.

શિક્ષણ, શિસ્ત અને સંસ્કારના ત્રિવેણીસંગમ સમા 'प्रज्वलितो ज्ञानमयः प्रदीपः' ને સાચા અર્થમાં પ્રજ્જવલિત કરવાના પ્રયાસમાં અમે વિદ્યાર્થિનીઓના સર્વાંગી વિકાસને અગ્રતા આપી છે. તેમનું યોગ્ય ઘડતર થાય તે હેતુથી કોલેજમાં કેટલાક Career Oriented Programme (COP) જેવા કે, Rural Development, Women's Rights, Women Empowerment, Food & Nutrition, Scope, Basic Computer, Advance Basic Computer, Environment, વૈદિક ગણિત વિગેરે ચલાવાય છે. આ ઉપરાંત અનેક વિધ પ્રવૃતિઓ જેવી કે, એન. એસ. એસ., ક્વીઝ કોન્ટેસ્ટ, વકતૃત્વ અને શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, ડિબેટ, કાવ્ય પઠન, સ્તોત્ર જ્ઞાન, સુલેખન, નિબંધ, રંગોલી, ચિત્ર, મહેંદી, વિગેરે જેવી અનેક સ્પર્ધાઓનું આયોજન અધ્યાપકશ્રીઓનાં માર્ગદર્શન નીચે કરાય છે. અને ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત "સપ્તધારા કાર્યક્રમ" પણ કોલેજમાં કાર્યરત છે. અનેક સુવિધાઓ જેવી કે, Digital English Language Lab., Knowledge Lab., BISAG તથા આધુનિક સુવિધાઓથી સજ્જ લાઈબ્રેરી ઉપલબ્ધ છે. સાથે જ રમતગમતની સ્પર્ધાઓ અંગે માર્ગદર્શન અને તાલીમ અપાય છે અને તેથી જ કોલેજની અનેક વિદ્યાર્થિનીઓ National Level ની સ્પર્ધાઓમાં ભાગ લઈને મોટી રકમના ઈનામો તથા શિલ્ડ પણ જીતી ચુકી છે. અને યુવક મહોત્સવની સ્પર્ધાઓમાં પણ અનેક પારિતોષિકો મેળવી ચુકી છે. અભ્યાસ પુરો થયા પછી તેમની કારકીર્દિનો પણ યોગ્ય વિકાસ થાય તે હેતુથી 'કારકીર્દિ માર્ગદર્શન કેન્દ્ર' અને 'રોજગાર માર્ગદર્શન કેન્દ્ર' ઉપલબ્ધ છે. દરેક વિદ્યાર્થિનીના આરોગ્યની સંભાળ માટે "Health Centre" છે. કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતી વિદ્યાર્થિનીઓ માટે દર વર્ષે વિનામૂલ્યે થેલેસેમિયા ટ્રસ્ટ કરાવી આપવાની કોલેજ દ્વારા વ્યવસ્થા કરાય છે. તથા જે કિસ્સાઓમાં માર્ગદર્શનની જરૂરિયાત જણાય તે વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીશ્રીઓનો પણ સંપર્ક સાધીને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. અને દરેક વિદ્યાર્થિનીને "Health Card" પણ આપવામાં આવ્યા છે. કોલેજની તમામ વિદ્યાર્થિનીઓની વચ્ચે સમાનતાના પ્રતીકરૂપે યુનિફોર્મની એકવાકયતા પણ છે. સાથે જ સૌથી વધુ અગત્યની બાબત તો એ છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સાથે સંલગ્ન '૯૬' જેટલી ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોએ પોતાનું Academic and Administrative Audit - 'AAA' કરાવ્યું હતું અને તેમાંની એક કોલેજ ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પણ હતી. 'AAA' ની ટીમે કોલેજનું શૈક્ષણિક અને વહીવટી માળખું ચકાસીને જાહેર કરેલા પરિણામ અનુસાર ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજે કુલ ૧૦૦૦ માંથી ૮૯૫.૫૦ (૮૯.૫૫%) ગુણ મેળવીને સમગ્ર પોરબંદર જિલ્લામાં પ્રથમ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાએ પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો છે. જે આ સંસ્થાની ઝળહળતી સિદ્ધિ છે.

આપણી સંસ્થા દ્વારા આર્ટ્સ, કોમર્સ અને હોમસાયન્સ વિદ્યાશાખાઓમાં સ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં કોલેજમાં પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થિનીને 'શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગોલ્ડ મેડલ' પણ એનાયત કરવામાં આવે છે.

આપશ્રીને જણાવતાં આનંદ થાય છે કે, કોલેજમાં વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિકોત્સવનું આયોજન તા. ૧૯-૧-૨૦૧૪ ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. તે પ્રસંગે આપશ્રી જરૂર ઉપસ્થિત રહેશો. ઉપરાંત તા. ૨૬-૨-૨૦૧૪ ને બુધવારના રોજ એક જિલ્લા કક્ષાના વિદ્યાર્થી સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા આપશ્રીને પુત્રીને જરૂર પ્રોત્સાહિત કરશો. ઉપરાંત કોલેજના બીજા સત્રમાં પ્રવેશ મેળવવા જ્યારે આપની પુત્રી કોલેજમાં આવે ત્યારે પણ આપશ્રી અચુક સાથે આવશો. વિદ્યાર્થિનીઓના વિકાસની બાબતમાં આપશ્રીના અભિપ્રાયો જાણવાનું અમને જરૂર ગમશે. પ્રવેશ મેળવવા આવતી વખતે દરેક વિદ્યાર્થિનીએ પોતાની પાસેનું છેલ્લી પરીક્ષાનું પરિણામ અવશ્ય સાથે રાખવું.

કોલેજમાં બીજા સત્ર દરમ્યાન વિવિધ વિદ્યાશાખાઓ તથા આર્ટ્સ ફેકલ્ટીમાં વિષયો અંતર્ગત વાલીમીટીંગનું આયોજન કરાયું છે તો આપશ્રીની પુત્રી તે વિદ્યાશાખા કે મુખ્ય વિષયની સાથે અભ્યાસ કરતી હોય તે દિવસે વાલીમીટીંગમાં આપશ્રી અચૂક હાજર રહેશો.

**આર્ટ્સ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | તા. ૪-૧-૨૦૧૩ | - | સમાજશાસ્ત્ર | (૬) | તા. ૧૫-૨-૨૦૧૪ | - | સંસ્કૃત |
| (૨) | તા. ૧૧-૧-૨૦૧૩ | - | અર્થશાસ્ત્ર | (૭) | તા. ૨૨-૨-૨૦૧૪ | - | ગુજરાતી |
| (૩) | તા. ૨૫-૧-૨૦૧૩ | - | માનસશાસ્ત્ર | (૮) | તા. ૮-૩-૨૦૧૪ | - | હોમસાયન્સ વિદ્યાશાખા |
| (૪) | તા. ૧-૨-૨૦૧૪ | - | અંગ્રેજી | (૯) | તા. ૧૫-૩-૨૦૧૪ | - | કોમર્સ,ગુજરાતી, માધ્યમ } વિદ્યા શાખા |
| (૫) | તા. ૮-૨-૨૦૧૪ | - | હિન્દી | (૧૦) | તા. ૨૨-૩-૨૦૧૪ | - | કોમર્સ, અંગ્રેજી, માધ્યમ } વિદ્યા શાખા |

સાથે જ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ના બીજા સત્ર દરમ્યાન સેમેસ્ટર – ૨/૪/૬ ની ઈન્ટરનલ પરીક્ષાઓ આપવાનું પણ અનિવાર્ય હોય છે. જે નીચેના દિવસો દરમ્યાન ગોઠવવામાં આવેલ છે. જેની નોંધ લેશો.

## B.A./B.Com -Sem-6

**એસાઈનમેન્ટ-૧** તા. ૨૩-૧૨-૨૦૧૩ થી ૨૮-૧૨-૨૦૧૩
**એસાઈનમેન્ટ-૨** તા. ૨૭-૧-૨૦૧૪ થી ૧-૨-૨૦૧૪
**M.C.Q.** તા. ૩-૩-૨૦૧૪ થી ૮-૩-૨૦૧૪

## B.A./B.Com -Sem-4

**એસાઈનમેન્ટ-૧** તા. ૬-૧-૨૦૧૪ થી ૧૧-૧-૨૦૧૪
**એસાઈનમેન્ટ-૨** તા. ૧૦-૨-૨૦૧૪ થી ૧૫-૨-૨૦૧૪
**M.C.Q.** તા. ૧૭-૩-૨૦૧૪ થી ૨૩-૩-૨૦૧૪

## B.A./B.Com -Sem-2

**એસાઈનમેન્ટ-૧** તા. ૧૩-૧-૨૦૧૪ થી ૧૮-૧-૨૦૧૪
**એસાઈનમેન્ટ-૨** તા. ૧૭-૨-૨૦૧૪ થી ૨૨-૨-૨૦૧૪
**M.C.Q.** તા. ૨૪-૩-૨૦૧૪ થી ૨૯-૩-૨૦૧૪

આપશ્રીની પુત્રી આ પરીક્ષાઓમાં અનિવાર્ય રીતે જોડાય અને તેની પૂર્વતૈયારી પણ સારી રીતે કરે તેનો આપશ્રી ચોક્કસ ખ્યાલ રાખશો. આવો.... આપણે સાથે મળીને આપણી સુપુત્રીઓનાં ભાવિ જીવનને ઉજ્જવળ બનાવવાનો પુરૂષાર્થ કરીએ.

આપનો અમૂલ્ય સહકાર મળશે જ એવી પૂર્ણ શ્રદ્ધા સાથે.... આભાર...

| | | |
|---|---|---|
| **ડો. વિરમભાઈ ગોઢાણિયા** | **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** | **ડો. અનુપમ આર. નાગર** |
| પ્રમુખશ્રી | મેનેજીંગ ટ્રસ્ટીશ્રી | પ્રિન્સીપાલશ્રી |

**તથા સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને ગોઢાણિયા કોલેજ પરિવાર**

ઉષા પ્રિન્ટરી એન્ડ ઓફસેટ - ૨૨૪૪૭૫૩